## જ્યારે શરણાર્થીઓના વિરોધમાં

# એક ગામ પોતાને U. K.થી સ્વતંત્ર જાહેર કરે છે...

સારાંશ

★વિન્સી મરચન્ટ




**જ્યારે દુનિયામાં માનવતાવાદી ગણાવાનો નેતાઓને ધખારો ઉપડ્યો હોય અને ત્યારે પોતાના દેશના નાગરિકોની દુવિધાઓ, લાગણીઓ, વિચારો અને વિકલ્પોને ધ્યાનમાં લીધા વગર, તેમનાથી અનભિજ્ઞ બનીને નિર્ણયો લેવા માંડે ત્યારે વિરોધ કરવાની આ રીત ઉપકારક અને કારગર નીવડે છે**

યુનાઈટેડ કિંગડમ (U.K.)માંથી જુદા પડીને એક સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની તરફેણમાં પિડિંગટન નામના ગામના લોકોએ મતદાન કર્યું છે. આ ઘટનાના અનુસંધાને દુનિયાભરના મીડિયા પર્સન્સ અને જમણેરી ચળવળકારોનાં ધાડાં આ ગામમાં સપ્ટેમ્બરના આખરી દિવસોમાં ઊતરી આવ્યાં હતાં. કોઈ ગામ કોઈ દેશથી સ્વતંત્ર થવાનો નિર્ણય કરે, નિર્ણયની તરફેણમાં અસાધારણ બહુમતીથી મતદાન કરે તો પણ મુખ્ય દેશથી છૂટા પડવાનું મુશ્કેલ છે. પરંતુ જ્યારે દુનિયામાં માનવતાવાદી ગણાવાનો નેતાઓને ધખારો ઉપડ્યો હોય અને ત્યારે પોતાના દેશના નાગરિકોની દુવિધાઓ, લાગણીઓ, વિચારો અને વિકલ્પોને ધ્યાનમાં લીધા વગર, તેમનાથી અનભિજ્ઞ બનીને નિર્ણયો લેવા માંડે ત્યારે વિરોધ કરવાની આ રીત ઉપકારક અને કારગર નીવડે છે. જોકે, U.K..નું પિડિંગટન ગામ ગંભીરતાપૂર્વક પોતાને આઝાદ ગણાવા માંડ્યું છે અને એ રીતે આગળ વધી રહ્યું છે.

ઈંગ્લેન્ડના ઓક્સફર્ડશાયર જિલ્લામાં આવેલા આ પિડિંગટન ગામના સ્વતંત્ર રાજ્ય દ્વારા સપ્ટેમ્બરના આખરી સપ્તાહમાં એક મહત્ત્વનો નિર્ણય લેવાયો કે જમીન અને પાણી બંનેમાં વસવાટ કરતા, ઘો અને ગરોળીના આકારના ન્યૂટ પ્રાણીને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવામાં આવે. આમ કરવા પાછળ ચોક્કસ ગણતરી હતી. આ પ્રાણી વિલુપ્ત થવાના આરે છે અને પિડિંગટન વિસ્તારમાં વધુ જોવા મળે છે.

બીજી તરફ, U.K.ની સરકાર અહીં વિદેશોમાંથી, ખાસ કરીને આફ્રિકા અને મિડલ ઈસ્ટમાંથી ઘૂસી આવેલા 1,250 કથિત નિરાશ્રિતોને વસાવવાની યોજના ઘડી રહી હતી.

ગામના લોકોને થયું કે જો એ વિસ્તારના ન્યૂટ નામના થલચર-જળચર પ્રાણીને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરાશે તો એ પ્રાણીનો નાશ કરે એવી વસાહતો બાંધવાનું U.K.ની સરકાર ટાળશે. માટે આ નિર્ણય લેવાયો. તેના આગલા દિવસે ગામના નાગરિકોએ લગભગ પૂર્ણ બહુમતીથી મતદાન કરીને U.K.માંથી છૂટા પડવાની જાહેરાત કરી હતી. ત્યાં સુધી કે ચૂંટાયેલા કાઉન્સિલરોએ અને સ્થાનિક અધિકારીઓએ શાળાનાં બાળકોને પોતાના નવા રાષ્ટ્ર માટે નવો ધ્વજ તૈયાર કરવાનું જણાવી દીધું છે. તેઓ નાગરિકોના મતદાન દ્વારા એ પણ નક્કી કરવાના છે કે નવા દેશની રાષ્ટ્રીય રમત તરીકે ફૂટબૉલને રાખવી કે ક્રિકેટને?

ગામજનોના આ નિર્ણય બાદ નાનકડા ગામમાં રાજકીય નેતાઓ પણ આવવા લાગ્યા. ગામના લોકોનો મુખ્ય વિરોધ એ છે કે તેઓ નિરાશ્રિતોને પોતાના પડોશમાં કે બાજુમાં રાખવા તૈયાર નથી. છેલ્લા કેટલાક મહિનાઓથી U.K. અને યુરોપના ઘણા દેશોમાં નિરાશ્રિતો અથવા આશરો માગવા બળજબરીથી ઘૂસી આવેલા લોકો સામેનો વિરોધ વધી ગયો છે. નિરાશ્રિતોનો સ્વીકાર કર્યા બાદ U.K. અને યુરોપમાં ચોરી, લૂંટફાટ, બળાત્કાર અને હત્યા જેવા ગુનાઓનું પ્રમાણ વધી ગયું છે. નિરાશ્રિતોમાંના મોટા ભાગના લોકો પોતાના દેશોમાં કોઈ કામના નહોતા. તેઓ મુખ્યત્વે અભણ, કૌશલ્યરહિત અને બેકાર હતા. જેઓ માથાભારે અને દબંગ હતા તેઓ જ મોટાભાગે દેશાંતરનું કારમું સાહસ રબરની હોડીઓમાં બેસીને પાર પાડતા હતા. સાથે અમુક વાસ્તવિક મુશ્કેલીઓનો સામનો કરતા લોકો પણ હતા. નિયમ મુજબ, જેઓ U.K. કે યુરોપની ધરતી પર ઊતરવામાં સફળ રહેતા, તેમને નિરાશ્રિતનો દરજ્જો આપોઆપ મળી જતો હતો. વર્ષોથી U.K. દર વર્ષે એક લાખથી વધુ લોકોને આ રીતે આશરો શોધનાર તરીકેનો દરજ્જો આપતું રહ્યું છે.

તેમના આગમન બાદ લંડન અને અન્ય શહેરોમાં ગંદકી, અરાજકતા, હિંસા અને કાયદાભંગનું પ્રમાણ ખૂબ વધી ગયું. મોટા ભાગના લોકો અંગ્રેજી ભાષા જાણતા નથી અને ધાર્મિક ઉન્માદો, સરઘસો તથા તોફાનોમાં જોડાય છે. કેટલાક લોકો ઈરાદાપૂર્વક નિર્દોષ વ્યક્તિના શરીરમાં છરી ભોંકવા જેવા ગંભીર ગુનાઓને અંજામ આપે છે, જેથી તેમને જેલમાં પૂરી દેવામાં આવે, કાયદા મુજબ કોર્ટમાં વર્ષો સુધી કેસ ચાલે અને વર્ષોના રહેવાસ બાદ U.K. કે યુરોપનું નાગરિકત્વ મળી જાય. બધાને નાગરિકત્વ મળતું નથી. તેમને દેશનિકાલ કરવાનો હુકમ થાય તેની સામે તેઓ અપીલ કરે છે. U.K.માં લગભગ 91 હજાર નિરાશ્રિતોની અપીલમાં ગયેલા છે.

આ નિરાશ્રિતોને રાખવા પાછળ અને અદાલતમાં તેમની સામે કેસ ચલાવવા પાછળ U.K.ની સરકારે અબજો પાઉન્ડ ખર્ચ્યા છે. નિરાશ્રિત જાહેર થયા પછી તેમને લાંબા સમય સુધી થ્રી-સ્ટાર કે ફોર-સ્ટાર હોટેલોમાં રાખવામાં આવે છે. હાલમાં આવી હોટેલોમાં 16 હજાર નિરાશ્રિતોને સરકારી ખર્ચે રાખવામાં આવ્યા છે. બીજા 94 હજાર લોકોને સરકાર દ્વારા અન્યત્ર નિભાવવામાં આવી રહ્યા છે.

માર્ચ 2026માં પૂરા થયેલા એક વર્ષ દરમિયાન યુરોપના દેશોમાં આશ્રય માટેના આઠ લાખ દાવા નિરાશ્રિતો દ્વારા નોંધાવવામાં આવ્યા છે. આ માટેના વકીલો ફૂટી નીકળ્યા છે અને ધીકતી કમાણી કરે છે. સ્પેન, ઈટાલી અને ફ્રાન્સે સૌથી વધુ લોકોને, અનુક્રમે, આશરો આપ્યો છે. પરંતુ તેમાં જો કોઈ દેશ અલગ પડતો હોય તો તે જર્મની છે. જર્મનીએ અભૂતપૂર્વ માત્રામાં, લગભગ 30 લાખ શરણાર્થીઓને આશરો આપ્યો છે. જર્મનીનાં ચાન્સેલર એન્જેલા મર્કેલે 2015માં સિરિયાના અને બીજા આરબ શરણાર્થીઓ માટે જર્મનીના દરવાજા ખુલ્લા મૂકી દીધા હતા. ઓપન-ડોર પૉલિસી અપનાવીને 2015-16 દરમિયાન એક વર્ષમાં 12 લાખ શરણાર્થીઓને જર્મનીમાં રહેવાની છૂટ આપી હતી.

સ્થાનિક યુરોપિયનો અને નિરાશ્રિતોની રહેણીકરણી, વિચારો, ધર્મપાલન, સંસ્કારો અને બીજી બાબતોમાં જમીન-આસમાનનો તફાવત છે. એક તરફ U.K. સહિત મોટા ભાગના યુરોપના દેશોને કોસ્ટ ઑફ લિવિંગ ક્રાઈસિસ, સરળ શબ્દોમાં કહીએ તો મોંઘવારી, પજવી રહી છે. બીજી તરફ, સરકારો નિરાશ્રિતો પાછળ અબજો પાઉન્ડ અને યુરો ખર્ચી રહી છે. યુરોપિયનો પોતાની પ્રકૃતિ મુજબ દૂર-દૂર વિશાળ જગ્યાઓમાં, એકાંતમાં વસવા ટેવાયેલા છે. તેઓને પડોશમાં વધુ લોકો રહેવા આવી જાય તે પેશકદમી સમાન લાગે છે.

જર્મનીમાં લોકો હવે નિવૃત્ત એન્જેલા મર્કેલને ગાળો આપી રહ્યા છે. અંતિમવાદી ધાર્મિક પ્રવૃત્તિઓનો પણ સ્થાનિકોને ડર લાગી રહ્યો છે. પ્રજા હવે શાસન સામે માથાં ઊંચકવા માંડી છે અને તેનાં અનેક ઉદાહરણોમાંનું એક પિડિંગટન ગામ છે.U.K. અને લંડનમાં માસ્ક ધારણ કરીને અનેક લોકો ‘પેટ્રિઅટ પ્લેટફૉર્મ’ (દેશભક્તોનું પ્લેટફૉર્મ) નામની સંસ્થા ચલાવી રહ્યા છે અને માઈગ્રેશનના વિરોધમાં ઝુંબેશ ચલાવી રહ્યા છે. આ સંસ્થાના વડા ડેનિયલ થોમસ છે, જે પોતાને ડેમી ટોમ્મો તરીકે ઓળખાવે છે. તેઓ પણ પિડિંગટનના ગામલોકોને સમર્થન જાહેર કરવા ત્યાં પહોંચી ગયા હતા. તેમની એક દલીલ એવી છે કે, ‘સ્ત્રીઓ અને બાળકોનું રક્ષણ કરવું જરૂરી છે.’ ગામના લોકોએ U.K.થી સ્વતંત્ર થવાના સમર્થનમાં 358 મત આપ્યા હતા, જ્યારે અલગ ન થવા માટે માત્ર ૨૬ મત પડ્યા હતા. જે લોકો નિરાશ્રિતોનો વિરોધ કરવા માગતા નથી, તેમને જમણેરી જૂથો દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. ઑનલાઈન પોસ્ટ કરવામાં આવતા સંદેશાઓમાં આવા લોકોને U.K. છોડીને ભાગી જવાની સલાહ આપવામાં આવે છે.

ગામની કાઉન્સિલના વડા ટીમ મેકનેલી કહે છે કે U.K. સરકારની જાદુગરી સામે ગામના લોકોએ જે સંદેશ આપ્યો છે તેનાથી તેઓ પોતે ખુશ થયા છે. તેઓ અન્ય ગામો અને નગરોના લોકોને પણ U.K.ની કેન્દ્ર સરકાર સામે આ રીતે વિરોધ કરવા પ્રેરી રહ્યા છે. જોકે, મેકનેલીનો વિરોધ થોડો હદ વટાવી ગયો છે. એક મુલાકાતમાં તેઓ બોલ્યા કે જો અમેરિકાના પ્રમુખ પિડિંગટનને અમેરિકાના 51મા રાજ્ય તરીકે માન્યતા આપશે તો તેઓ પિડિંગટનનું નામ બદલીને ‘ટ્રમ્પિંગટન’ રાખશે. ગામના નિર્ણયને દુનિયાના સૌથી મોટા ધનપતિ ઈલોન મસ્કે ટેકો જાહેર કર્યો છે.